# પબ્લિક ફિગર હોવાની ભારે કીમત ચૂકવવી પડે છે

# જાહ્નવી કપૂર



જાહ્નવી કપૂરને શિખર પહરીયા સાથે ઘણીવાર જોવામાં આવી છે. જોકે ધડક ગર્લ તેને ખાનગી રાખવાનું પસંદ કરે છે અને જાહેરમાં તેના વિષે વાત કરતી નથી. બંને ને ઘણીવાર સાથે લગ્નમાં હાજરી આપતા અને સાથે વેકેશન પર જતા જોવામાં આવ્યા છે. અમારી સાથેના ઈન્ટરવ્યુમાં જાહ્નવી તેની શિખર સાથેની અન્ડરસ્ટેન્ડીંગ વિષે, તેની સાથે તે કેટલું કમ્ફર્ટેબલ ફીલ કરે છે તેના વિષે, તેને સ્કૂલમાં થયેલા વિચિત્ર અનુભવ વિષે અને તેની સદગત માતા શ્રીદેવી વિષે વાત કરે છે.

**તારા માટે પ્રેમ શું છે?**

પ્રેમ સલામતી આપે છે. થોડું વધારે કહું તો પ્રેમ તમને લાચારીનો સામનો કરવામાં મદદ કરે છે. તે સૌથી મોટી વાત છે. શિખરની હાજરીને કારણે મને જીવનમાં હવે એટલી લાચારી લાગતી નથી. તેના કારણે મારા જીવનમાં આ ઘણું મોટું પરિવર્તન આવ્યું છે.

**શિખર સાથેનો તારો સંબંધ કેવો છે?**

શો-શા

શિખર મારા માટે એક 'સેફ સ્પેસ' છે અને એનો અર્થ એ કે હું શિખરની સામે એક બાળક તરીકે વર્તી શકું છું, હું તેની સાથે તોફાન મસ્તી કરી શકું છું. મને લાગે છે કે તમને સાચો પ્રેમ મળે તે સારી વાત છે. પ્રેમના કારણે તમે જે મૂળ વ્યક્તિ છો તેવા રહી શકો છો. મારા દરેક વિચારો તેની સામે વ્યક્ત કરી શકું છું, હું પોતાનો અવાજ સાંભળી શકું છું, મારી માન્યતાઓ અનુસરી શકું છું અને જ્યારે હું સંવેદનશીલ બની જાઉં છું ત્યારે તે મને જજ કર્યા વિના, મારા વિષે ખોટી માન્યતા બાંધ્યા વિના મને વ્યક્ત થવાની સ્પેસ આપે છે.

**૧૫ વર્ષની ઉંમરે તને શાળામાં ખરાબ અનુભવ થયો હતો તે વિષે વાત કર.**

અમારો સ્કૂલમાં IT ક્લાસ હતો અને છોકરાઓ મસ્તી માટે અમુક સાઈટ પર જતા. મારા ડિજીટલી મેનુપ્લેટ કરેલા પિક્ચર્સ તે સાઈટ પર હતા. તે વખતે હું સ્કૂલમાં હતી. તે ઘણો વિચિત્ર અનુભવ હતો.

**શું આગળ જતા આવા પિક્ચર્સને કારણે તારી લાઈફ પર અસર થઇ છે?**

ચોક્કસ, આવા પિક્ચર્સને કારણે આટલા વર્ષો પછી પણ મારા વિષે ઘણાને ગેરસમજ થાય છે. કાલે ઉઠીને જો હું અમુક પ્રકારના આઉટફિટ પહેરવાની કે અમુક પોઝ આપવાની ના પાડું કે જેમાં હું કમ્ફર્ટેબલ ફીલ કરતી ના હોવ તો તેઓ મને આવીને કહેશે કે તે અગાઉ તો આ પ્રકારના કપડા પહેર્યા છે અને તેવા પોઝ પણ આપ્યા છે. મારે તેમને સમજાવવું પડે છે કે મેં આવા પિક્ચર્સ ક્યારેય પડાવ્યા નથી.

**શું આવી ઘટના તને માનસિક રીતે અસર કરે છે?**

આવી ઘટનાઓ માનસિક ભારણ મુકે છે. AI જનરેટેડ પિક્ચર્સનો ઘણો દુરુપયોગ થાય છે અને તેને નિયંત્રણમાં રાખવા જરૂરી છે. મને લાગે છે કે પબ્લિક ફિગર હોવાની આ ભારે કીમત તમારે ચૂકવવી પડે છે. સોશિયલ મીડિયા પર આવી ઘણી બાબતોમાં કોઈ નૈતિકતા નથી. તે મને અસ્વસ્થ કરી દે છે.

**તારી માતા શ્રીદેવીનું અચાનક અવસાન થયું. તે ઘટનાની તારા પર શી અસર થઇ?**

મારું મન અશાંત થઇ ગયું હતું, તેમાંથી હું નીકળવાનો પ્રયત્ન કરતી હતી. મારી માતા ગુમાવવાનો મને સૌથી મોટો આઘાત લાગ્યો હતો, એવો આઘાત કે જેનો મેં ક્યારેય સામનો કર્યો ન હતો. છતાં, તે આઘાતમાંથી નીકળવાની સફર મેં પૂરી કરી. ખાસ કરીને, જે રીતે આજે હું દુનિયા માટે જે છું અને જે રીતે તે આઘાતમાંથી બહાર નીકળી છું તે ઘણું સંઘર્ષપૂર્ણ છે. જોકે, તેમને ગુમાવવાનું દુ:ખ ક્યારેય ન જઈ શકે. તેમના જેવું કોઈ નથી. તેમની રમૂજ હું મિસ કરું છું. જેમણે મને, મારી બહેનને અને મારા પિતાને તેઓ જે છે તે બનાવ્યા તે વ્યક્તિને હું મિસ કરું છું. તે દિવસે મેં મારી ફક્ત માતાને નહોતી ગુમાવી, પણ મારા પિતાને પણ ગુમાવી દીધા. મારી માતાની હયાતીમાં તેમનું જે વ્યક્તિત્વ હતું તે હંમેશ માટે જતું રહ્યું.

**તારી માતા પર તું ઘણી રીતે આધારિત હતી.**

હા, હું દરેક રીતે મારી માતા પર આધાર રાખતી હતી. મારે શું કરવું છે? કયા કપડા પહેરવા જોઈએ? મારે શું વિચારવું જોઈએ? શું સાચું છે ને શું ખોટું? તે બધા માટે હું તેમના પર આધાર રાખતી હતી. પછી અચાનક હું એવી દુનિયામાં આવી ગઈ જ્યાં મારે મારા નિર્ણયો જાતે જ લેવાના હતા. મેં કેટલાય ખોટા નિર્ણયો લીધા અને અમુક લોકોને મારા જીવનમાં આવવા દીધા. તેઓ મારો ફાયદો ઉઠાવી રહ્યા હતા અને હું સતત મારી માનસિક અને શારીરિક સુરક્ષાને જોખમમાં મૂકી રહી હતી.

**આજે જો તારી માતા જીવિત હોય તો તેની સાથે વાત કરવાનો અનુભવ કેવો રહેશે?**

મને નથી લાગતું કે તે મને ઓળખી શકશે. દુનિયા બદલાઈ ગઈ છે અને મેં ઘણા અનુભવ કરી લીધા છે. મારા પોતાના મંતવ્યો છે જે તેમના ન હતા. મને ખબર નથી કે તે અનુભવ કેવો રહેશે. પણ હા, જો તેની સથે વાત કરવાની તક મળે તો હું તેમને એટલું ચોક્કસ કહીશ કે હવે હું તેમને

> **શિખર મારા માટે એક 'સેફ સ્પેસ' છે અને એનો અર્થ એ કે હું શિખરની સામે એક બાળક તરીકે વર્તી શકું છું, હું તેની સાથે તોફાન મસ્તી કરી શકું છું. મને લાગે છે કે તમને સાચો પ્રેમ મળે તે સારી વાત છે.**

સમજી શકું છું. અને મને દુ:ખ છે કે હું તેમને પહેલા સમજી શકતી ન હતી. તેઓ નાણાકીય કે વાસ્તવિક બાબતોને અલગ દ્રષ્ટિકોણથી જોતા હતા અને હું હજી બાળક હતી.

**શું તારી માતા એ તારી સાથે તેમના કોઈ અનુભવો શેર કર્યા હતા?**

તેમને ૪ વર્ષની ઉંમરથી કામ કરવાનું શરુ કરી દીધું હતું પરંતુ, તેમના સંઘર્ષની કોઈ વાત તેમણે અમને શેર કરી ના હતી. તેઓ ફક્ત સારી યાદોને જ શેર કરતા હતા. મને યાદ છે કે મારા પિતા સાથે તેમના લગ્ન થયા ત્યારે લોકો તેમને ઘર તોડવાવાળી અને બીજી અભદ્ર વાતો કહેતા. તે તેમના મન પર ઘણી અસર કરતી હતી. પરંતુ, લોકો જે હયાત હોય તેમની સાથે પ્રેમથી વર્તતા નથી અને જે ગુજરી જાય છે તેના માટે હંમેશા સારું જ બોલે છે. •

RAPID FIRE

# શૂટિંગ દરમિયાન સેટ પર સારાની સૌથી ફેવરિટ વસ્તુ કઈ છે?



**'ધુરંધર-2'ની સફળતા પછી અત્યારે કેવું ફીલ થાય છે?**

સાચું કહું તો, સપના જેવું! મેં ક્યારેય નહોતું વિચાર્યું કે આટલો પ્રેમ મળશે!

**તારી લાઈફનો કોઈ એવો ડાર્ક ફેસ કે જેના વિશે ફેન્સ નથી જાણતા?**

હા, એક સમય હતો જ્યારે મને લાગતું હતું કે હું ચાઈલ્ડ આર્ટિસ્ટના ટેગમાંથી બહાર નહીં આવી શકું.

**તારા આવનારા પ્રોજેક્ટ્સ વિશે કંઈક કહીશ?**

(સ્મિત સાથે) ઘણી વાતો ચાલી રહી છે! પણ હા, મધુબાલાની બાયોપિક વિશે જે ચર્ચાઓ છે એ સાંભળીને હું પોતે એક્સાઈટેડ છું.

**શૂટિંગ સિવાય ઘરે હોય ત્યારે તારી કોઈ એવી આદત જે કોઈને ખબર નથી?**

હું એક નંબરની વાંચવાની શોખીન છું.

**તારા ગ્લો અને ફિટનેસનું રહસ્ય?**

ઘરનું જમવાનું. મને મોંઘી રેસ્ટોરન્ટ કરતા મમ્મીના હાથની દાળ-રોટલી વધુ ભાવે છે.

**ડાયટમાં શું લે છે?**

ફિટનેસ માટે હું માચા સ્મૂધી અને પ્રોટીન શેક નિયમિત લઉં છું. જંક ફૂડને મેં સખત ના કહી દીધી છે!

**ગ્લેમરસ લાઈફ અને તારું સાદું જીવન? બેલેન્સ કેવી રીતે થાય છે?**

એ તો સંસ્કાર છે! ભલે હું પડદા પર હીરોઈન હોઉં, પણ ઘરે તો હું હજી પણ પપ્પાની એ જ નાની દીકરી છું જે લક્ઝરી કાર કરતા તેની જૂની સ્કૂટર પર ફરવાનું વધારે એન્જોય કરે છે.

**શૂટિંગ દરમિયાન સેટ પર સારાની સૌથી ફેવરિટ વસ્તુ કઈ છે?**

(હસતા હસતા) મારી મેકઅપ વેન! એ મારો સેકન્ડ હોમ છે.

**જો તારે એક્ટિંગ સિવાય કંઈક બીજું કરવાનું હોત, તો તું અત્યારે શું કરતી હોત?**

હું કોઈ એનિમલ શેલ્ટર ચલાવતી હોત અથવા રાઈટર હોત.

**તારા ફેન્સ માટે કોઈ એક ખાસ મેસેજ?**

બસ એટલું જ કહીશ કે તમારા સપનાઓ પર વિશ્વાસ રાખો. •

# જાનકી બોડીવાળા

# મુસ્કાનથી ગુજરાત જીત્યું અને એક્ટિંગથી બોલિવૂડ હચમચાવ્યું!

૨૦૧૫માં 'છેલ્લો દિવસ'ની એ નિર્દોષ પૂજાને જોઈ હતી, તેમને ભાગ્યે જ અંદાજો હશે કે ૨૦૨૬ સુધીમાં એ જ છોકરી ભારતીય સિનેમાના દિગ્ગજો સાથે ખભેખભા મિલાવીને કામ કરતી હશે. એક સફળ એક્ટ્રેસ જ નથી, પરંતુ તે આજના યુવા કલાકારો માટે એક જીવતું-જાગતું ઉદાહરણ છે કે કલ્પનાઓ અને સપનાઓ જો સાચા મનથી સેવવામાં આવે, તો તે ચોક્કસ પૂરા થાય છે. ગુજરાતી સિનેમાની 'પૂજા' હોય કે બોલિવૂડની 'આર્યા', જાનકીએ પોતાની મહેનત અને એક્ટિંગના જોરે આજે દરેકના દિલમાં જગ્યા બનાવી છે. આ એક્ટ્રેસે સાબિત કરી દીધું છે કે જો ટેલેન્ટ હોય તો પ્રાદેશિક સિનેમાથી ગ્લોબલ લેવલ સુધી પહોંચવું અશક્ય નથી. ફિઝિયોથેરાપીનો અભ્યાસ કરતા કરતા તેમણે એક્ટિંગની દુનિયામાં કદમ મૂક્યો.

> **ગુજરાતી સિનેમાની 'પૂજા' હોય કે બોલિવૂડની 'આર્યા', જાનકીએ પોતાની મહેનત અને એક્ટિંગના જોરે આજે દરેકના દિલમાં જગ્યા બનાવી છે**

બોલિવૂડ એન્ટ્રી



માત્ર ગ્લેમરસ રોલ કરવાને બદલે જાનકીએ વૈવિધ્યસભર ફિલ્મો પસંદ કરી.

કોમેડી અને ડ્રામા 'ઓ તારી' અને 'છુટ્ટી જશે છક્કા'માં જાનકીની એનર્જી જોવા મળી. એ પછી થ્રિલરનો માસ્ટરક્લાસ ૨૦૨૩માં આવેલી ફિલ્મ 'વશ' એ તેમની કારકિર્દીનો ટર્નિંગ પોઈન્ટ હતો. આ ફિલ્મમાં તેમના ડરામણા અને શક્તિશાળી અભિનયે વિવેચકોને પણ ચોંકાવી દીધા હતા. વશ (2023) આ ફિલ્મ માટે તેમને અનેક એવોર્ડ શોમાં 'બેસ્ટ એક્ટ્રેસ' ના નામાંકન અથવા એવોર્ડ મળ્યો છે.

બોલિવૂડમાં પદાર્પણ વર્ષ ૨૦૨૪માં અજય દેવગણ સાથેની ફિલ્મ 'શૈતાન' દ્વારા તેમણે બોલિવૂડમાં એન્ટ્રી કરી.

વર્ષ ૨૦૨૬ સુધીમાં, તેઓ રાણી મુખર્જી સાથે 'મર્દાની ૩' જેવી મોટી ફિલ્મોનો હિસ્સો બની ચૂકી છે, જે દર્શાવે છે કે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી હવે તેમને એક ગંભીર એક્ટ્રેસ તરીકે જોઈ રહી છે.

જાનકી પોતાની ફિટનેસ માટે ખૂબ જ સભાન છે અને સોશિયલ મીડિયા પર યુવાનો માટે પ્રેરણા સ્ત્રોત છે.

તેમની ફેશન સેન્સ હંમેશા ચર્ચામાં રહે છે, પછી તે એવોર્ડ ફંક્શન હોય કે કેઝ્યુઅલ લુક. જાનકીની ખાસિયત એ છે કે તે માત્ર ડાયલોગ્સ પર નિર્ભર નથી રહેતી, પણ તેની 'આંખો અને ચહેરાના હાવભાવ' દ્વારા ઘણું કહી જાય છે. •